This Question Paper contains 12 Printed Pages.

105604

| પ્રશ્નપત્રના સેટનો ક્રમાંક જે ઉમેદવારે OMR sheet માં ઘટ્ટ કરવાનો છે. Set No. of Question Paper which is to be darken in OMR sheet |
| --- |
| 01 |

# N-13(G)

**(MARCH, 2013)**

## PART - A

***Time : 75 minutes]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે. દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગથી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

**1 થી 50 પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેનથી ઘટ્ટ કરવું. (પ્રત્યેકનો 1 ગુણ)**

**1.** 'મહી લો' ને બદલે ગોપી કયો સાદ પાડતી જાય છે ?

(A) 'લ્યો કોઈ મુરારિ' (B) 'લ્યો કોઈ મધ'

(C) 'લ્યો કોઈ છાશ' (D) 'લ્યો કોઈ દૂધ'

**2.** મીરાંબાઈના ચિત્તમાં કોની છબી અંકિત થયેલી છે ?

(A) શ્રી નારદની (B) શ્રી કૃષ્ણની

(C) શ્રી ઇંદ્રની (D) શ્રી ગણેશની

**3.** ઈંદ્રની રાજધાની ને શું કહે છે ?

(A) સુદામાપુરી (B) અમરાપુરી

(C) યમપુરી (D) બ્રહ્મપુરી

**4.** સમગ્ર જીવસૃષ્ટિમાં સૌથી વધુ નિષ્ઠુર કોણ છે ?

(A) ભગવાન (B) જંતુ

(C) પ્રાણી (D) મનુષ્ય

5. 'નમું' કાવ્યમાં શાનો મહિમા વ્યક્ત થયો છે ?

(A) શ્રદ્ધાનો (B) સ્વતંત્રતાનો

(C) સ્વાશ્રયનો (D) કૃષ્ણ પ્રેમનો

6. 'સપૂત' કાવ્યમાં કવિ 'જાલીમો' કોને કહે છે ?

(A) સ્વતંત્ર સેનાનીઓને (B) સ્વયંસેવકોને

(C) અંગ્રેજ શાસકોને (D) દેશભક્તોને

7. કાલિન્દી નદી એટલે કઈ નદી ?

(A) ગંગા નદી (B) નર્મદા નદી

(C) સાબરમતી નદી (D) યમુના નદી

8. 'એ લોકો' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?

(A) મધ્યમ વર્ગ (B) અમીર વર્ગ

(C) ગરીબ વર્ગ (D) શિક્ષક વર્ગ

9. સમયનો નાનામાં નાનો એકમ એટલે .....

(A) સ્થલ (B) જલ

(C) પલ (D) મલ્લ

10. સજ્જન કોના જેવા હોય છે ?

(A) મોતી (B) કાગડા

(C) કાજળ (D) બગલા

11. પાવાના ઊંડા સ્વરમાં કવિ શેની વેદના અનુભવે છે ?

(A) વિરહની (B) પ્રીતની

(C) સંવેદનાની (D) શાંતિની

**12.** ‘શેષ’ ઉપનામ થી જાણીતા કવિ કોણ છે ?

(A) દલપતરામ (B) હરીન્દ્ર દવે

(C) જયંત પાઠક (D) રામનારાયણ પાઠક

**13.** છપ્પા કેટલા પંક્તિનાં હોય છે ?

(A) ચૌદ (B) છ

(C) ચાર (D) આઠ

**14.** ‘મને ચાકર રાખોજી’ કાવ્યકૃતિનો પ્રકાર જણાવો.

(A) સૉનેટ (B) આખ્યાન

(C) પદ (D) ઉર્મિકાવ્ય

**15.** ‘પૂજે જનો સૌ ઉગતા રવિને’ આ પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

(A) પલ (B) એ લોકો

(C) સપૂત (D) સાયંકાળે

**16.** ભગવાન બુદ્ધને જોઈને બંને પક્ષના મોવડીઓ હથિયાર મૂકીને શું કરવા લાગ્યા ?

(A) કામ કરવા લાગ્યા. (B) વંદન કરવા લાગ્યા.

(C) યુદ્ધ કરવા લાગ્યા. (D) ભક્તિ કરવા લાગ્યા.

**17.** અમેરિકાના સોળમા પ્રમુખ કોણ હતા ?

(A) જ્યોર્જ બુશ (B) માર્ટિન લ્યુથર

(C) બેલગ્રામ (D) અબ્રાહમ લિંકન

**18.** વાડીલાલ ડગલીના મતે વેરાવળનો દરિયો એટલે ……

(A) ઉછળતું સાહસ (B) ઉછળતું યૌવન

(C) રમતું બાળપણ (D) ચઢતું લોહી

**19.** લશ્કરમાં જિંદગી કોણે વીતાવેલી હતી ?

(A) પ્રભાશંકરે (B) નાનાભાઈએ

(C) રમણે (D) બાળુ વૈદ્યએ

**20.** પંખીનું વતન કયાં હતું ?

(A) ઈરાનમાં (B) સિંધમાં

(C) હિંદમાં (D) પાકિસ્તાનમાં

**21.** ઉત્તર ગુજરાતની 'અંબા' ગણાતી નદી કઈ છે ?

(A) સાબરમતી (B) ભોગાવો

(C) મહી (D) હરણાવ

**22.** ગાંધીજીની આત્મકથાનું નામ જણાવો.

(A) હિંદસ્વરાજ (B) ખરી કેળવણી

(C) સત્યના પ્રયોગો (D) ગાંધીજીનો અક્ષરદેહ

**23.** દક્ષાએ કયા માળની ઓરડી પસંદ કરી ?

(A) પાંચમા માળની (B) પહેલા માળની

(C) બીજા માળની (D) ત્રીજા માળની

**24.** ગૌરીશંકર કેટલા વર્ષ જૂના રસોયા હતા ?

(A) પાંચ (B) વીશ

(C) આઠ (D) પચ્ચીસ

**25.** પ્રભાશંકરે ગોખલામાંથી શું લીધું ?

(A) કોટ (B) સોય-દોરો

(C) પૈસા (D) પાનની ચમચી

**26.** 'અનિલ' ઉપનામ થી જાણીતા લેખક કોણ છે ?

(A) યજ્ઞેશ દવે (B) રતિલાલ રૂપાવાળા

(C) જયંતી દલાલ (D) સુરેશ જોષી

**27.** 'પંચપટરાણીની સેવામાં ઘરકામ' પાઠમાં કયા પ્રસિદ્ધ ડચ ચિત્રકારની વાત કરવામાં આવી છે ?

(A) વિન્સેન્ટ વાનગોગ (B) એસેસર

(C) દ પ્રિન્સી (D) લિયોનાર્દો વિન્ચી એલિચ

**28.** ''આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું'' આ વિધાન કોણ બોલે છે ?

(A) પ્રભાશંકર (B) રાજારાણી

(C) સિદ્ધપુરુષ (D) રાજકુંવરી

**29.** 'મંજુ' કયા પાઠનું પાત્ર છે ?

(A) થીંગડું (B) દેશગમન

(C) નાનાભાઈ (D) દરિયા કિનારે

**30.** 'ચકલીઓ' પાઠનો સંદર્ભ ગ્રંથ જણાવો.

(A) 'આ ઘેર પેલે ઘેર' માંથી

(B) 'બીજી થોડીક' માંથી

(C) 'આનંદ લહેરી' માંથી

(D) 'ચર્ચબેલ' માંથી

**31.** 'રવીન્દ્ર' શબ્દની સાચી સંધિ જણાવો.

(A) રવિ + ઇન્દ્ર (B) રવય + ઈન્દ્ર

(C) રાવ + ઈન્દ્ર (D) રેવ + ઈન્દ્ર

**32.** નીચેનામાંથી સાચી સંધિ જણાવો.

(A) વિવેક + અનંદ્ (B) તત્ + લીન

(C) સીંહ + અસન (D) મઘ + અહ્ન

**33.** 'મહાદેવ' કયો સમાસ છે ?

(A) ઉપપદ સમાસ (B) દ્વન્દ્વ સમાસ

(C) તત્પુરુષ સમાસ (D) કર્મધારય સમાસ

**34.** રમણ અને દક્ષાની રહેણી કરણી સાદી હતી. રેખાંકિત શબ્દનો સમાસ જણાવો.

(A) દ્વન્દ્વ સમાસ (B) કર્મધારય સમાસ

(C) મધ્યમપદલોપી સમાસ (D) ઉપપદ સમાસ

**35.** 'વમળ' શબ્દ કયા શબ્દસમૂહ માટે વાપરી શકાશે ?

(A) પવનની લહેરખી (B) કાદવમાં ઉગેલું

(C) વહેતા પાણીમાં થતું કૂંડાળું (D) નદીનો વળાંક

**36.** જેની પત્ની મૃત્યુ પામી હોય તેવો પુરુષ ......

(A) વિધૂર (B) વિધવા

(C) સધવા (D) સંન્યાસી

**37.** નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિંગ નથી ?

(A) રાજા (B) રસ્તો

(C) શેઠ (D) વાત

**38.** નીચેનામાંથી કયું લિંગ સૂચક જોડકું ઉચિત નથી ?

(A) ભાઈ = બહેન (B) યુવક = યુવતી

(C) માતા = જનેતા (D) કુમાર = કુમારી

**39.** નીચેનામાંથી કઈ સંજ્ઞા એકવચનમાં નથી ?

(A) પુસ્તકો (B) મંદિર

(C) ખુરશી (D) નદી

**40.** 'રાજ પપ્પાને પ્રેમ કરે છે.' આ વિધાનનું બહુવચન જણાવો.

(A) રાજાઓ પપ્પાને પ્રેમ કરે છે.

(B) રાજાઓ પપ્પાઓને પ્રેમો કરે છે.

(C) રાજ પપ્પાઓને પ્રેમ કરે છે.

(D) બહુવચન શક્ય નથી.

**41.** 'સોહમ' મેળામાં ગયો હતો. આ વાક્યમાં સહાયકારક ક્રિયાપદ કયો અર્થ દર્શાવે છે ?

(A) ભૂતકાળ (B) વર્તમાનકાળ

(C) સંભાવનાર્થ (D) ચાલુ વર્તમાનકાળ

**42.** નીચેનામાંથી કયા વાક્યમાં સહાયકારક ક્રિયાપદ વપરાયું નથી ?

(A) રોહિત તું હમણાં ક્યાં જવાનો ?

(B) તનુજા અમેરિકા ગઈ હતી.

(C) યુવરાજ ભણતો હતો.

(D) અપૂર્વ રમતો હશે.

**43.** તસ્વીન ......... હાથ ધ્રૂજવા લાગ્યા. આ વિધાનમાં યોગ્ય અનુગ મૂકો.

(A) એ (B) નાં

(C) થી (D) ને

**44.** સરકાર થી ગરીબોને સહાય આપવામાં આવી. આ વાક્યમાં કયો નામયોગી વાપરી શકાય ?

(A) માંથી (B) ઉપર

(C) અંદર (D) તરફ થી

**45.** પાનો ચડાવવો એટલે ......

(A) નારાજ થવું.
(B) ઉત્સાહ વધારવો.
(C) સમજણ પ્રાપ્ત કરવી.
(D) કંટાળો બતાવવો.

**46.** 'એક સાંધે ત્યાં તેર તૂટે' એ કહેવતનો અર્થ જણાવો.

(A) મુશ્કેલીઓની પરંપરા ચાલુ રહેવી.
(B) અણસમજુને ઉપદેશ આપવો.
(C) દુર્જન સાથે કામ કરતાં કલંક લાગે.
(D) પડતીમાં આબરું જાળવવી.

**47.** 'આકાશ' શબ્દનો સાચો ધ્વનિઘટક જણાવો.

(A) અ + આ + ક્ + આ + શ્ + અ
(B) આ + ક + આ + શ + અ
(C) આ + ક્ + આ + શ્ + અ
(D) અ્ + ક + આ + શ + આ

**48.** નીચેનામાંથી કયા જોડકામાં યોગ્ય વિરોધી શબ્દ વપરાયેલ છે ?

(A) જન - માણસ
(B) તન - શરીર
(C) દેવ - ભગવાન
(D) સપૂત - કપૂત

**49.** નીચે આપેલા સમાનાર્થી શબ્દનું કયું જોડકું યોગ્ય છે ?

(A) ખેલ - આનંદ
(B) જાહ્નવી - ગંગા નદી
(C) કૌશલ - રક્ષા
(D) શત્રુ - મિત્ર

**50.** 'કાપવું' પર થી બનેલ શબ્દમાં કયો શબ્દ યોગ્ય છે ?

(A) કાપવું - કાળજું
(B) કાપવું - ક્રોધ
(C) કાપવું - કાપણી
(D) કાપવું - કલ્પના

---

# N-13(G)

**(MARCH, 2013)**

**PART - B**

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર વિભાગ** છે.

(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

(3) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

**વિભાગ - A**

● નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના **2** ગુણ) **8**

**1.** ટહુકા કોણ કરે છે ? શા માટે ?

**2.** અગ્નિ અને ધુમાડાના ઉદાહરણ દ્વારા અખો શું સૂચવે છે ?

**અથવા**

**2.** 'જાતે કરવું , જાતે રળવું' આ મુક્તકમાં કવિએ જાત મહેનતની ટેવ કેળવવા શું શું કરવાનું કહ્યું છે ?

**3.** દાંડીકૂચ વખતે ગાંધીજી કઈ-કઈ પ્રતિજ્ઞાઓ લે છે ?

**4.** 'છેલ્લું દર્શન' કાવ્યના કવિ આંસુ સારવાની કેમ ના પાડે છે?

● નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના **2** ગુણ) **4**

**5.** ભગવાન બુદ્ધ રોહિણીના તીરે કેમ આવ્યા ?

**અથવા**

**5.** પરવાળાનો પથ્થર લેખક ક્યાંથી લાવ્યા હતા ? તે કેવી રીતે ધન્ય થયો ?

**6.** ચકલીઓએ કરેલો બહિષ્કાર લેખકને કેવો લાગે છે ? કેમ ?

- નીચેના પ્રશ્નોનાં ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખો. (દરેકના **3** ગુણ) **3**

**7.** કોટને થીગડું દેવામાં પ્રભાશંકરને શી મુશ્કેલીઓ પડી ?

**અથવા**

**7.** 'આભલાનો ટુકડો' શીર્ષકની યથાર્થતા સમજાવો.

## વિભાગ - B

- નીચેના ગદ્યખંડનું વિસ્તૃતીકરણ કરો. **5**

**8.** સમયરૂપી મૂડી તો દરેકની પાસે સરખી જ છે. પણ તેને સારી રીતે ખર્ચનાર, સંતોષ અને સફળતા પ્રાપ્ત કરે છે. જે સમય ને વેડફી નાંખે છે તેને નિષ્ફળતા પ્રાપ્ત થાય છે. સમયનું મૂલ્ય આંકીએ તેટલું ઓછુ છે. દરેક માણસે સમયનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ. જેથી જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકીએ.

- નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો. **5**

**9.** છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.

**અથવા**

**9.** 'નિષ્ફળતા જ સફળતાની ચાવી છે.'

## વિભાગ - C

**10.** નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. **5**

ઝાડવા એ છાંયડાની માંડી દુકાન,
ધંધામાં રોકી છે પોતાની મૂડી,
બધી એટલે કે સઘળાંયે પાન.
પોતાના કારભાર ચલવે છે ઝાડવું,
કોણ જાણે કેવા કેવા માપે ?
આવનાર માગે જો ચપટી ભર છાંયડો તો
ખોબાભર છાંયડો આપે.
એનાથી વેપલો શું થાય જેને
હોય નહીં ત્રાજવાને કાટલાંનું ભાન !
સૂરજ વિદાય થતાં લાગે સંકેલવા

એ આમ તેમ પાથર્યાં પથારા,
માંડે હિસાબ પડી એકલું તો
વકરામાં હોય કેટલાય હાશકારા.
બાંધી લે ગાંઠે, ગણ્યા વિના એ
પરચુરણ સિક્કા - જે પંખીના ગાન.
કોઈને પણ થાય એને દેવાળું ફૂંકવાનો
આવશે દિવસ આજકાલમાં,
આજ લગી તો યે એનો વેપલો તો ચાલે છે
સમજણની બહારની કમાલમાં,
એકલું એ ઝાડ નથી લૂંટાતું આમ
એનું લૂંટાતું આખુંયે ખાનદાન.

**- જગદીશ વ્યાસ**

**પ્રશ્નો :** 1. ઝાડવા એ શાની દુકાન માંડી છે ?
2. ઝાડવું એની પાસે આવનારને શું આપે છે ?
3. સૂરજ વિદાય થતાં ઝાડવું શું કરે છે?
4. ઝાડ પર કોણ બેસીને ગાન કરે છે ?
5. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**11.** નીચે આપેલો ગદ્યખંડને વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. **5**

''જેમ સાડીના શણગાર માટે કિનાર અને પાલવ હોય છે તેમ જીવનના આનંદ માટે સાહિત્ય, સંગીત અને કલા હોય છે. એવી માન્યતા દુનિયામાં બધે છે. કિનાર કે પાલવ વિના સાડી બની શકતી નથી એમ નથી છતાંયે એ હોય ત્યારે જ આપણને સાડી, સાડી જેવી લાગે છે. તે જ પ્રમાણે સાહિત્ય, સંગીત અને કલા વિના જીવવું શક્ય હોવા છતાં આપણે એને જીવનનું નામ નહીં આપીએ. કિનાર અને પાલવ એ સાડીના આકર્ષક ભાગ છે પણ મુખ્ય ભાગ નથી. એકલી કિનાર અને પાલવ કોઈ ઓઢી ન શકે. સાડી છે તે માટે કિનાર અને પાલવનું મહત્ત્વ છે. સાડીથી એ કૃતાર્થ થાય છે. કલા તો જીવનના શણગાર તરીકે શોભે છે અને કૃતાર્થ થાય છે. સાહિત્ય, સંગીત અને કલા ત્રણેય એકબીજાના પરમ મિત્ર છે, એક કુટુંબી છે. એમના પરસ્પર સહકાર થી જીવન પરમ રમણીય અને સુવાસિત છે.''

**- કાકા કાલેલકર**

**પ્રશ્નો :** 1. સાડીના શણગાર માટે શું હોય છે ?
2. જીવનના આનંદ માટે શું જરૂરી છે ?
3. કલા જીવનમાં કઈ રીતે શોભે છે ?
4. જીવન રમણીય અને સુવાસિત કેવી રીતે બની શકે ?
5. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**12.** તમારા મિત્રને વ્યાયામનું મહત્ત્વ સમજાવતો પત્ર લખો. **5**

**અથવા**

**12.** તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

## વિભાગ - D

**13.** ભાષાશુદ્ધિ જાળવી ફકરો ફરીથી લખો. **2**

આ કાશ માં ઉડતા પખીઓ, સૂર્ય ના પ્રકાશ માં ગુંજારવ કરતી મધમાખીઓ લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પો નું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નીરાંત નો સમય આપ જે.

**14.** નીચેનામાંથી **કોઈપણ એક** વિષય પર આશરે 150 (એકસો પચાસ) શબ્દોમાં નિબંધ લખો. **8**

(1) **મારો યાદગાર પ્રવાસ :-**

- પ્રસ્તાવના
- પ્રવાસનું મહત્ત્વ
- પ્રવાસ આયોજન
- મુસાફરીનો આનંદ
- ધાર્મિક, ઐતિહાસિક સ્થળોની મુલાકાત
- પ્રવાસ યાદગાર બનવાના કારણો
- સંભારણા
- ઉપસંહાર

**અથવા**

(2) **''મોંઘવારીનો માર .... નથી આવતો પાર .....''**

- પ્રસ્તાવના
- મોંઘવારીનો અર્થ
- વધવાનાં કારણો
- મધ્યમ વર્ગની સ્થિતિ
- મોંઘવારીના ક્ષેત્રો
- સરકારની ભૂમિકા
- મોંઘવારી ઘટાડવાના ઉપાય
- ઉપસંહાર